# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 24-01-2025 Day: Friday Morning: 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-નેતાજી સુભાષચન્દ્ર બોઝ:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આર્પી હતી. તેમણે કહ્યું હતુંકે નેતાજીએ જે રીતે આઝાદી માટે ફોજ તૈયાર કરી હતી તેવી જ રીતે આજે આપણે વિકસિત ભારત માટે એક થવાની જરૂર છે.**

**લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા , સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ , કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને અન્ય નેતાઓએ પણ નેતાજી સુભાષચંદ્ર બોઝે શ્રદ્ધાંજલિ આપી હતા..**

**શ્રી મોદીએ એ વાત પર પણ ભાર મૂક્યો કે કેન્દ્ર સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી એક હજાર 200 થી વધુ ઇલેક્ટ્રિક બસો દિલ્હીમાં દોડી છે અને વધુ શરૂ કરવામાં આવશે. તેમણે વિદ્યાર્થીઓને પ્રધાનમંત્રી સૂર્યગઢ યોજના વિશે સમજાવ્યું કે આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે આ યોજના એક સાધન છે. તેમણે કહ્યું કે આ યોજનાના ભાગ રૂપે , ઘરની છત પર સૌર પેનલ લગાવવામાં આવ્યા છે , જે સૌર ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરશે , જેનાથી વીજળીના બિલ ચૂકવવાની જરૂરીયાત પડશે નહીં**

---------------------------------------------------------------------------

## પ્રજાસત્તાક પરેડ:

**નવી દિલ્હીના કર્તવ્ય પથ ખાતે આગામી ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસની પરેડ જોવામાટે કચ્છમાંથી પણ વિવિધ ક્ષેત્રના લોકોને આમંત્રણ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ અંગે સાંભળીએ અહેવાલ...**

***(વોઈસકાસ્ટ અશરફ નથવાણી)***

***પ્રજાસત્તાક દિવસની પરેડ જોવા માટે કચ્છમાંથી ૧૦થી વધુ વ્યક્તિઓને આમંત્રણ અપાયું છે. વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓ , યોજનાઓનાં લાભાર્થીઓ, સ્વસહાય જૂથની બહેનો પણ દિલ્હી જશે..***

*સમગ્ર ભારતમાંથી ખાસ મહેમાનો તરીકે આમંત્રિત લોકોમાં કચ્છમાંથી ટેક્સટાઇલ ક્ષેત્રમાં રાષ્ટ્રીય એવોર્ડ વિજેતાઓ , હસ્તકળામાં સારું પ્રદર્શન કરનારા કારીગરો , ગ્રામિણ વિકાસ માટે મહત્વનો ફાળો આપનાર વ્યક્તિઓ , શ્રેષ્ઠ પાણી સમિતિ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, વગેરેને આમંત્રણ આપવામાં આવ્યા છે. આ આમંત્રિતો તેમની સાથે એક પરિવારજનને પણ લઇ જશે.*

*કચ્છ જિલ્લા પંચાયતની કરોબરી સમિતિના ચેરમેન ગેલાભાઈ ચાવડાએ આ આમંત્રણ મળતા પોતાની ખુશી આ રીતે વ્યક્ત કરી હતી.*

*(બાઈટ... ગેલાભાઈ ચાવડા)*

*લખપત તાલુકાની દયાપર ગ્રામ પંચાયતના મહિલા સરપંચ જયાબેન પટેલે પોતાની પસંદગી થતા આનંદની લાગણી વ્યક્ત કરી હતી.*

*(બાઈટ... દયાપર ગ્રામ પંચાયતના સરપંચ જયાબેન પટેલ)*

*પીવાના પાણી અને ગટર વ્યવસ્થાપન ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી થઇ રહી છે તેવા નખત્રાણા તાલુકાના વેસલપર ગામના સરપંચ રવિલાલ વાલાણીની પણ પ્રજાસત્તાક દિનની પરેડ જોવા માટે પસંદગી થઇ છે. તેમણે પોતાનો પ્રતિભાવ આ રીતે આપ્યો.*

*અત્રે ઉલ્લેખનીય છે કે , નવી દિલ્હીના કર્તવ્ય પથ ખાતેની આ પરેડ માટે દેશભરમાંથી વિવિધ ક્ષેત્રના 10,000 જેટલા ખાસ મહેમાનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પોત પોતાના ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર આ આમંત્રિતોની રાષ્ટ્ર અને સમાજ નિર્માણમાં તેમના યોગદાનની કદર રૂપે આ પસંદગી કરવામાં આવી છે.*

*અશરફ નથવાણી આકાશવાણી સમાચાર ભુજ*

---

## <u>બેટી બચાવો:</u>

"બેટી બચાવો બેટી પઢાઓ યોજના" ના સફળતાના 10 વર્ષ પૂર્ણ થયા છે ત્યારે રાજ્યમાં દીકરીઓના શિક્ષણ નામાંકન દરમાં ૩૩ ટકાનો વધારો નોંધાયો છે. આ અભિયાનના પરિણામે દીકરી જન્મદર 890 થી વધીને 955 થયો છે.

દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપતી પહેલોના પરિણામે રાજ્યમાં કન્યાઓનો નામાંકન દર વર્ષ 2002-03માં 66.83% હતો, જે વધીને વર્ષ 2022-23માં 99.81% થયો છે.

રાજ્યમાં દીકરીઓના જન્મનું પ્રમાણ વધે , દીકરીના શિક્ષણમાં વધારો થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા "વ્હાલી દીકરી" યોજના થકી દીકરીઓને જન્મથી 18 વર્ષ સુધીમાં ૪ હજાર રૂપિયાથી ૧ લાખ રૂપિયા સુધીની સહાય પણ આપવામાં આવે છે.

---

## કચ્છ વન વિભાગ-અરણ્ય રમતોત્સવ:

જીલ્લાના વન વર્તુળના વન કર્મચારીઓ માટે કચ્છ વન વર્તુળ દ્વારા સર્વોદય રમત-ગમત સંકુલ, માધાપર ખાતે "અરણ્ય રમતોત્સવ 2.0" નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં વન વિભાગના રોજમદાર શ્રમિકથી લઈને મુખ્ય વનસંરક્ષક સુધીના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓ એક મંચ પર એકત્રિત થઈને વિવિધ રમતોમાં ભાગ લઈ શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. આ રમતોત્સવમાં બેડમિન્ટન, ક્રિકેટ, ગોળા ફેંક, ટેબલટેનિસ, ચેસ, કેરમ વગેરે જેવી કુલ 24 રમતોમાં 274 જેટલા ખેલાડીઓ ભાગ લેવાના છે.

કાર્યક્રમના ઉદ્દઘાટન સમારોહમાં મુખ્ય વન સંરક્ષક કચ્છ ડો. સંદીપકુમાર દ્વારા વન કર્મીઓને જીવનમાં રમત-ગમત નું મહત્વ અને આ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લેવા જણાવાયું હતું.

---

## હવામાન:

જીલ્લામાં ઠંડીથી આંશિક રાહત મળ્યા બાદ ફરી પવનની ઝડપ વધતાં ઠંડીની તીવ્રતામાં વધારો થયો છે. દિવસ દરમિયાન હુંફાળું વાતાવરણ તો, વહેલી સવારે અને સાંજે શિયાળુ ઠારનો અનુભવ લોકો કરી રહ્યા છે.

રાજ્યના સૌથી ઠંડા મથક નલિયાનું લઘુત્તમ તાપમાન ૯.૮ ડીગ્રી નોંધાયું હતું, જયારે ભુજનું ૧૩.૪ ડીગ્રી અને કંડલા બંદરનું ૧૬ ડીગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

---